

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ભાજપની સફર માટે સંઘ ભાથું ઉંચકે છે,
કટ્ટર સંઘ સાંસદો ધર્મનું થોથું ઉચકે છે,
ગોથું ખાઈ જાય છે સદ્‌ભાવ, સમભાવ નીતિમાં -
થાકી-હારી ફરી મંદિર-મુદ્દો માથું ઉચકે છે.
(સંઘની બેઠક)

હાઈકુ

મર્યાદા બંધે -
વચનોની બેડીમાં,
વિકાસ કેદ!
(મતદારોની અપેક્ષાઓ)

તુલા સાચવી,
ભાજપને ચાલવું -
દોરડાં પર..
(પરિષદ-સંઘની અપેક્ષાઓ)

### ચિંતન

**કાકઃ પક્ષિષુ ચાંડાલઃ સ્મૃતઃ પશુષુ ગર્દભઃ ।**
**નરાણાં કો અપિ ચાંડાલઃ સ્મૃતઃ સર્વેષુ નિંદકઃ ॥**

'પક્ષીઓમાં કાગડો નીચ-લુચ્ચો-ચાંડાલ કહેવામાં આવ્યો છે અને પશુઓમાં ગધેડાંને ચાંડાલ કહ્યો છે પરંતુ માણસ જાતમાં તો એવા ને ચાંડાલ કહેવામાં આવ્યો છે જે પારકાંની સતત 'નિંદા' કરનારો હોય છે.'

કેટલાક લોકોની સદાય ટીકા-ટિપ્પણ-નિંદા-વાંકુ જોવું - નકાર દૃષ્ટિથી જ ટેવાયેલા છે તેમ જ કોઈ પણ માણસનો સદ્‌ગુણ દેખાતો નથી. હંમેશા કાળી બાજુ પર જ નજર રાખે છે. એમને બે દિવસ વચ્ચે એક રાત્રી નથી દેખાતી પણ બે રાત વચ્ચે એક દિવસ દેખાય છે.

રાજકારણથી લઈ અધ્યાત્મ ક્ષેત્રમાં એકમેકની નિંદા કરનારા હોય છે. સત્તા પર ન હોય એનું નામ જ "વિરોધ પક્ષ" (!)

આ શ્લોકમાં ટીકા-નિંદા કરનારાને 'ચાંડાલ' કહેવામાં આવ્યા છે.

### સુવિચાર

- ઔરોં કે લીયે જીતે થૈ, કિસી કો કોઈ શિકાયત ન થી,
  અપને લીયે જીને કા જબ સોચા સારા જમાના દુશ્મન હો ગયા - **અકબર રામપુરી**
- તમારો આનંદ તમારા સ્મિતનું કારણ હોઈ શકે, પણ કયારે
  તમારું સ્મિત આનંદનો સ્ત્રોત બની શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- વિશ્વસનીય વ્યક્તિ માટે જીવનના દરેક માર્ગો ખુલ્લા જ છે - **ઝેન કથન**
- કુદરતની પૅન્સિલ સાથે રબર નથી હોતું - **ચીની કહેવત**
- હાથની રેખા કેળવ ભાગ્યને ઘડતી નથી...
  ને નર્યા પુરુષાર્થને ભાગ્યરેખા કદી નડતી નથી - **રાજેશ શાહ**
- સુખ હોય કે દુઃખ માણસે તે તિતિક્ષાથી સહન કર્યે જવું
  એજ એક માત્ર સરળ ઉપાય છે - **જનકલ્યાણ**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આજકાલ દારૂ પકડાય કે સોનું પકડનારા જ એમાંથી થોડોક માલ રફેદફે કરી નાખે પછી નબળાં પગલાં ભરે; ને બધા સરળતાથી છૂટી જાય. વફાદારી અને પ્રમાણિકતા જ જેલમાં જાય...

ન્યૂયોર્કમાં એક ટેક્ષી ડ્રાઈવરને ૫૦ હજાર રૂપિયા ભરેલી બૅગ મળી. એ તરત પોલીસ સ્ટેશન ગયો. ડૉલર ભરેલી બૅગ પોલીસને સોંપી દીધી.

પોલીસે બૅગ ખોલી, નામ-સરનામાનું કાર્ડ મળ્યું. ફોન કર્યો, સામેથી માલિકે કહ્યું : હું હમણાં જ પંદર મિનિટમાં આવું છું. પોલીસે - ટેક્ષી ડ્રાઈવરને પણ રોકાઈ જવા વિનંતી કરી.

માલિક હાંફળો-ફાંફળો આવ્યો, પોલીસે બીજા કાગળિયા અંગે પૂછી, સાચા માણસ તરીકે ચકાસણી કરી. ડૉલર ગણ્યા. પૂરા ૫૦ હજાર હતા. માલિકે હાશકારો અનુભવ્યો - ખૂશ થયો; અને ટેક્ષી ડ્રાઈવરનો આભાર માની તેને ૫૦૦ ડૉલરની ઑફર કરી. ટેક્ષી ડ્રાઈવરે સ્વીકાર્યા નહીં. કહ્યું : નૅકદીલી બદલામાં હું આ પુરસ્કાર સ્વીકારું તો મારી નૅકદીલી કયાં રહી?

હું અહીં એટલીવાર રોકાયો એટલા માટે કે મારી જવાબદારી હતી કે તમારો એક પણ ડૉલર એમાંથી ઓછો નથી થયો. એ જાણવા માટે જ... માલિકે પુરસ્કાર સ્વીકારવા આગ્રહ ભરી વિનંતી કરી, ત્યારે ટેક્ષી ડ્રાઈવરે માત્ર પોતાના રોકાણ સમયના દસ ડૉલર જ સ્વીકાર્યા...

# લાફા મારીને ગાલ રાતા રાખવાની કવાયત

## તંત્રીસ્થાનેથી....

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને એની સાખા-પ્રશાખા જેવી વિવિધલક્ષી સંસ્થાઓની ત્રિદિવસીય સમન્વય બેઠકે ઘણા તર્કવિતર્ક ઊભા કર્યા છે. આમ જુઓ તો વર્ષમાં બે વાર આવી સમન્વય બેઠક મળતી હોય છે અને ભારતીય જનતા પાર્ટી સંઘની જ રાજકીય પાંખ તરીકે એમાં જોડાતી હોય છે. આ વખતની બેઠક વિશિષ્ટ બે મુદ્દે છે : એક તો એ રાજધાની દિલ્હીમાં મળી છે, જેથી કેન્દ્રની ભાજપના નેતૃત્વવાળી સરકારના મંત્રીઓને એમાં સામેલ થવામાં સાનુકૂળતા રહે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સંઘ-ભાજપની સમન્વય બેઠકમાં ઉપસ્થિત રહેવાના છે. પહેલા જ દિવસે ગૃહમંત્રી રાજનાથસિંહ, નાણાંમંત્રી અરૂણ જેટલી અને વિદેશમંત્રી સુષમા સ્વરાજ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ભાજપના તમામ કેન્દ્રીય મંત્રીઓની હાજરીથી સમન્વય બેઠકનું શાસક પાર્ટીને મન કેટલું મહત્ત્વ છે તે પ્રસ્થાપિત થઈ ગયું છે. સંઘ હજી પણ પોતાને ભાજપની માતૃસંસ્થા ગણે છે, ભલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આખી ચૂંટણી આપબળે જીતી હોય અને દુનિયામાં ડંકો વગાડી દીધો હોય. સંઘ આડકતરી રીતે 'લાર્જર ધૅન લાઈફ સાઈઝ' બની જતા પ્રતિભાશાળી નેતાઓ પર લગામ કસવાના આશયથી જ આવી સમીક્ષા બેઠકો યોજતો હોય છે. એમાં સરકારની કામગીરીનું સંઘપ્રેરિત કાર્યક્રમો સંદર્ભે મૂલ્યાંકન પણ થતું રહે છે. સંઘનો એજન્ડા એ જ સરકારનો અને ભારતીય જનતા પાર્ટીનો એજન્ડા હોવો જોઈએ, એવી એક છૂપી સમજણ પણ રહેતી જ હોય છે. એ જુદી વાત છે કે રાષ્ટ્રીય એજન્ડામાં રામમંદિર અને કલમ ૩૭૦ જેવી બાબતોની સામે આંખમિચામણાં કરી સરકાર પર સંઘનો પ્રભાવ હોવાની સર્વવ્યાપી માન્યતાને નકારવાની કોશિશ વ્યૂહરચનાના ભાગ રુપે થતી રહે છે. આ વખતે પમ સમન્વય બેઠકમાં સંઘની જ સૌથી સક્રિય પાંખ વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય મહામંત્રી ડૉ. પ્રવીણ તોગડિયા દ્વારા રામમંદિર મુદ્દે કેન્દ્ર સરકાર એનું વલણ સ્પષ્ટ કરે એવી માગણી મુકાઈ છે. ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી હોવા છતાં આ મુદ્દે સરકાર ઉદાસીન હોવાનો આક્ષેપ કરીને ડૉ. તોગડિયા એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે સીધું નિશાન તાક્યું છે. વિપક્ષો એનું જુદું અર્થઘટન કરી રહ્યાં છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અભિષેક મનુ સંઘવીએ બિહારની ચૂંટણી ટાણે જ ભાજપને રામ યાદ આવતા હોવાનો આક્ષેપ કર્યો છે. અનેક મોરચે નિષ્ફળ પુરવાર થયેલી મોદી સરકાર બિહારની વિધાનસભાની ચૂંટણીમાં રામનું કાર્ડ ઊતરી હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવા માગતી હોવાનો કૉંગ્રેસ અને સાથી પક્ષોનો આક્ષેપ કેટલો સાચો છે એ તો સમય જ બતાવી શકશે. અત્યારે તો મોદી માટે ધર્મનિરપેક્ષ ઈમેજ વધારે અગત્યની છે. એથી સ્તો એ સાઉદી અરબની મુલાકાતે જઈ આવ્યા અને વિવાદ થવાની શકયતાં છતાં અબુધાબીની વિશ્વપ્રસિદ્ધ મસ્જિદમાં દર્શન કપણ કરી આવ્યા. મોદી સરકાર કિસાન મોરચે નિષ્ફળ રહી છે, સૈનિકોનો વન રૅન્ક વન પૅન્શનવાળો મુદ્દો હલ કરી શકી નથી, એની પણ સંઘના વડા મોહન ભાગવત સહિત તમામ હિંદુત્વનિષ્ઠ અગ્રણીઓને ચિંતા છે પાકિસ્તાન તરફથી જમ્મુ-કાશ્મીરમાં દખલીગીર વધી ગઈ છે. સ્વાભાવિક રીતે જ આ બધા મુદ્દાઓ ઉપરાંત કથળતી જતી આર્થિક સ્થિતિ, મોંઘવારી અને કાળાં નાણાં જેવા મુદ્દે સરકારની લચર કામગીરીની સમીક્ષા થશે. બહાર આવીને સંઘમાંથી જ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી પદની જવાબદારી સંભાળવા મોકલી અપાયેલા રામ માધવ સરકારની સબકા સાથ - સબકા વિકાસ નીતિમાં વખાણ કરશે. રામમંદિર અને ૩૭૦ આ વખતની બેઠકમાં એજન્ડાના વિષયો નહીં હોવાનું તો એ પહેલાં જ દિવસે કહી ચૂક્યા છે!

# શ્રીકૃષ્ણજન્મનો વૃત્તાંન્ત રમણીય છે; પ્રેરણાદાયી છે



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



શ્રીમદ ભાવગતના દશમા સ્કન્ધમાં અધ્યાય ૧ થી ૫માં શ્રીકૃષ્ણના જન્મનો વૃત્તાન્ત આપેલો છે : મથુરામાં મહારાજ ઉગ્રસેનનું શાસન હતું. એમણે પોતાના નાના ભાઈ દેવકની કન્યા દેવકીનાં લગ્ન, પોતાના માંડલિક રાજા વસુદેવ સાથે કર્યા. વિદાય વેળાએ દેવકે વાત્સલ્યથી દીકરીને રથ, હાથી, અશ્વ, અન્ય સંપત્તિ અને સેવામાં સુકુમાર દાસીઓ આપી. ઉગ્રસેનના પુત્ર કંસે પોતાની આ બહેન તરફના અમાપ સ્નેહને કારણે, રથની લગામ જાતે લીધી અને તે રથને દોરવા લાગ્યો.

પરંતુ રથ થોડો આગળ વધ્યો, ત્યા આકાશવાણી થઈ. 'તું જેને લઈને જઈ રહ્યો છે, એનું આઠમું સંતાન તને હણનાર છે.' મોતનો ઓથાર ભલભલા સમીકરણ બદલી નાખે છે. એણે તો ખડ્‌ગ હાથમાં લઈને બીજે હાથે દેવકીના વાળ પકડયા. હવે વસુદેવે એને સમજાવ્યો. સમગ્ર ભાગવતનો સમશ્લોકી અનુવાદ ભાવનગરના કીર્તનકાર શાન્તિશંકર વેણીશંકર મહેતાએ કર્યો છે. એમણે આ સ્થળે આપ્યું છે.

તારી તો બહેન છે નાની, દુહિતા તુલ્ય દીન છે, ના ઘટે ઘાત ભદ્રા, તું સમા ભ્રાત ના કરે. (૧.૪૫)

પરંતુ જયારે કંસ માન્યો જ નહિ, ત્યારે વસુદેવે તેને વચન આપ્યું કે આને જીવતી રાખ, એને જે સંતાન થશે એ તને આપીશ. હવે કંસ પ્રસન્ન થયો. ખરેખર, દેવકીને પ્રથમ પુત્ર થયો; ત્યારે વસુદેવે - સત્યનિષ્ઠ વસુદેવ - કંસ પાસે આવ્યા અને પુત્રને સોંપવા લાગ્યા. ત્યારે કંસે રાજી થઈને કહ્યું 'આને લઈ જાવ. મને તો આઠમાથી ભય છે.' વસુદેવ પુત્રને લઈને પાછા ફર્યા.

એકવાર મહર્ષિ નારદ પાસેથી કંસને જાણવા મળ્યું કે સ્વયં વિષ્ણુ પોતાને મારવા દેવકીના પુત્ર તરીકે જન્મવાના છે. તેથી કંસે વસુદેવ અને દેવકીને કેદમાં નાખી દીધા; વિષ્ણુની આશંકાથી ક્રમશઃ દેવકીને જન્મતા, પહેલા સહિતના સહિતના છ પુત્રોને મારી નાખ્યા. આજે પણ પોતાના ભાણેજને કોઈ અકારણ ત્રાસ આપે, તો લોકો તેને 'મામો કંસ' તરીકે ઓળખાવે છે.

કંસથી ત્રાસ પામીને વસુદેવની પત્ની રોહિણી ગોકુળમાં નંદરાયના મહેલમાં રહેતી હતી. દેવકીને સાતમી વાર ગભે રહ્યો, તે શેષ નાગનો અવતાર હતો. યોગમાયા એ એને દેવકીના ઉદરમાંથી લઈને રોહિતીમાં મૂકી દીધો. આને કારણે રોહિણીના પુત્રનું નામ સંકર્ષણ થયું. તે શક્તિશાળી, લોકને આનંદ આપતો; તેથી બલરામ કહેવાયો. કંસને ખબર પડી કે દેવકીને ગર્ભસ્ત્રાવ થઈ ગયો છે.

હવે જયારે દેવકી સગર્ભા થઈ, ત્યારે એના ચહેરા પર અલૌકિક પ્રભા પથરાઈ ગઈ. બ્રહ્મા, શિવ અને અન્ય દેવોએ ઉદરમાં રહેલા વિષ્ણુની સ્તુતિ કરી. યોગ્ય સમયે મધ્યરાત્રિએ દેવકીને પુત્ર જન્મ થયો. એ સમયે નંદરાયની પત્ની યશોદાની કૂખે યોગમાયાએ પુત્રી તરીકે જન્મ લીધો. કૃષ્ણને લઈને વસુદેવ નીકળ્યા કે તરત બધા કમાડ ખૂલી ગયાં. ધીમો ધીમો વરસાદ હતો, પરંતુ શેષનાગે એમના પણ ફેણ ફેલાવી રાખી હતી. યમુનાજીએ સામે ચાલીને વસુદેવને માર્ગ કરી આપ્યો. ગોકુળમાં આવીન વસુદેવ યશોદાની બાજુમાં સૂતેલી કન્યાને લઈ લીધી અને ત્યાં કૃષ્ણને મૂકી દીધા. આજ રીતે પાછા ફરીને વસુદેવ કારાગૃહમાં આવી ગયા અને પગમાં બેડી પહેરી લીધી. યશોદાને, શ્રમ ને કારણે કે માયાના પ્રભાવે આ પરિવર્તનનો ખ્યાલ ન આવ્યો. કારાગૃહના કમાડ ફરીથી બંધ થઈ ગયા.

કંસને ખબર પડયા કે દેવકીને પુત્રી જન્મ થયો છે. તે ધસી આવ્યો. દેવકીએ કન્યાને છાતીએ વળગાડી દીધી, પણ કંસ ન માન્યો. કન્યાને શિલા ઉપર પછાડવા ગયો કે તરત તે આકાશમાં પ્રગટી; અષ્ટ ભૂજામાં દિવ્ય આયુધો હતા. એ દેવી તો દુર્ગા, ભદ્રકાલી, શારદા અને અંબિકા હતા. એણે કહ્યું : 'મને તું શું મારવાનો? તારો કાળ તો કયાંક જન્મી ચૂક્યો છે.' હવે કંસને પારાવાર પસ્તાવ થયો; આંખમાં અશ્રુ સાથે બહેન બનેવીના પગ પકડી લીધા. બંધનમાંથી મુક્ત કરીને એમને પ્રેમભરી વિદાય આપી.

### નંદઘરે આનંદ...

નંદરાયના ત્યાં પુત્રજન્મ સમગ્ર ગોકુળનો મહોત્સવ બની રહ્યો. નંદના ઘરનો આનંદ ગોકુળમાં પથરાઈ ગયો. નગરમાં જળનો છંટકાવ થયો. ગોપગોપીઓને ધજાપતાકા અને તોરણોમાંથી નગરને શણગાર્યું. ગોપીઓ પણ શણગાર સજીને બાળકને આશીર્વાદ આપવા લાગી. તેને હળદર તેલ અને પાણી છાંટીને, પછી હરિગીતો ગાવા લાગી. ગોપગોપીઓ એકબીજાને ઘી, દૂધ અને દહીં છાંટતા હતા અને એકબીજાને માખણ ચોપડતાં હતા. નંદરાયે આ સૌનો સત્કાર કર્યો. શ્રીકૃષ્ણજન્મનો આ વૃત્તાંન્ત રમણીય છે; પ્રેરણાદાયી છે.

# અંબાજીમાં આવેલ કોટેશ્વર કઈ નદીનું ઉદ્‌ગમ સ્થાન છે?

### ગુજરાતની ભૂગોળ

(૧) લેડી કીકાબાઈ પ્રેમચંદ લાઈબ્રેરી કયાં આવેલી છે?
(અ) સુરત (બ) વડોદરા
(ક) ભાવનગર (ડ) ખંભાત

(૨) નીચેનામાંથી કયા ઉત્પાદનમાં ભારતમાં ગુજરાતનો પ્રથમ નંબર છે?
(અ) કોબાલ્ટ (બ) સોડા ઍશ
(ક) બોકસાઈટ (ડ) ગ્રેનાઈટ

(૩) બળવંતસાગર બંધ કયા જિલ્લામાં આવેલ છે?
(અ) બનાસકાંઠા (બ) સાબરકાંઠા
(ક) કચ્છ (ડ) પંચમહાલ

(૪) કયો ડુંગર 'દાદા ગોરખનાથની તપોભૂમિ' તરીકે ઓળખાય છે?
(અ) ધીણોધર (બ) ભૂજિયો
(ક) ચોટીલા (ડ) તારંગા

(૫) અંબાજીમાં આવેલ કોટેશ્વર કઈ નદીનું ઉદ્‌ગમ સ્થાન છે?
(અ) રૂપેણ (બ) વાત્રક
(ક) સાબરમતી (ડ) સરસ્વતી

(૬) કયું શહેર 'ગદાધર પરી' તરીકે પણ ઓળખાય છે?
(અ) ઈડર (બ) ખેડબ્રહ્મા
(ક) શામળાજી (ડ) મોડાસા

(૭) કબા ગાંધીનો ડેલો કયાં આવેલો છે?
(અ) પોરબંદર (બ) ભાવનગર
(ક) જૂનાગઢ (ડ) રાજકોટ

(૮) વલભીપુર કઈ નદીના કાંઠે આવેલ છે?
(અ) ઘેલો સોમનાથ (બ) ભાદર
(ક) ભોગાવો (ડ) મહી

(૯) તાલધ્વજગિરિ કયા નગરનું પ્રાચીન નામ છે?
(અ) તલોદ (બ) તલગાજરડા
(ક) તળાજા (ડ) ત્રિકમપુરા

(૧૦) વુલેસ્ટોનાઈટ ખનીજ ગુજરાતના કયા જિલ્લામાંથી મળી આવે છે?
(અ) કચ્છ (બ) બનાસકાંઠા
(ક) સાબરકાંઠા (ડ) પંચમહાલ

(૧૧) ધુમલીનું નવલખા મંદિર કયા જિલ્લામાં આવેલું છે?
(અ) દેવભૂમિ દ્વારકા (બ) જામગનર
(ક) જૂનાગઢ (ડ) ગીર સોમનાથ

(૧૨) નવલખા કોઠાર કયાં આવેલા છે?
(અ) ઈડર (બ) પાવાગઢ
(ક) હાલોલ (ડ) રાજપીપળા

(૧૩) 'ઢેલડીનગર' કયા શહેરનું એક પ્રાચીન નામ છે?
(અ) જસદણ (બ) શિહોર
(ક) બોટાદ (ડ) મોરબી

(૧૪) છડી ઉત્સવ અને મેઘમેળો કયા જિલ્લામાં ઉજવાય છે?
(અ) ભરૂચ (બ) છોટા ઉદેપુર
(ક) ભાવનગર (ડ) વડોદરા

(૧૫) વિલ્સનની ટેકરીઓ કયા જિલ્લામાં આવેલી છે?
(અ) પંચમહાલ (બ) બનાસકાંઠા
(ક) વલસાડ (ડ) ડાંગ

### વિવિધા

**વિષય : વિશ્વના કેટલાક શહેરોનાં જૂના અને નવા નામ**

| | | | |
|---|---|---|---|
| લિયો પોલ્ડ વ્હિલ | (ઝાઈર) | - | કિન્સાસા |
| કોન્સ્ટન્ટિનોપલ | (તૂર્કી) | - | ઈસ્તંબૂલ |
| લેનિન ગ્રાડ | (રશિયા) | - | સેંટ પિટસબર્ગ |
| બોમ્બે | (ભારત) | - | મુંબઈ |
| અંગોરા | (તૂર્કી) | - | અંકારા |
| બટેવિયા | (ઈન્ડોનેશિયા) | - | જાકાર્તા |
| ડાક્કા | (બાંગ્લાદેશ) | - | ઢાકા |
| રંગૂન | (મ્યાનમાર) | - | યાંગોન |
| ગોર્કી | (રશિયા) | - | નિજનીગોવનરોડ |
| સાઈગોન | (વિયેતનામ) | - | હોચી મિન્હ સિટી |
| પૂના | (ભારત) | - | પૂણે |
| કલકત્તા | (ભારત) | - | કોલકાત્તા |
| મદ્રાસ | (ભારત) | - | ચેન્નઈ |
| ત્રિવેન્દ્રમ | (ભારત) | - | તિરુવનંતપુરમ |
| કેપકેનવેરાલ | (અમેરિકા) | - | કેપ કેનેડીટ |
| ખ્રિસ્તિન | (નોર્વે) | - | ઓસ્લો |
| પેકિંગ | (ચીન) | - | બેજિંગ |
| સેલિસ્બરી | (ઝિમ્બાવ્વે) | - | હરારે |
| સ્ટેલિનગ્રાડ | (રશિયા) | - | વોલ્ગો ગ્રાડ |
| પાટલીપુત્ર | (ભારત) | - | પટના |

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ - ભારતમાં પાકિસ્તાન દૂતાવાસના હાલનાં રાજદૂતનું નામ શું છે?**

**જવાબ : અબ્દુલ બાસીત**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો



ખજાનો
અનિલ પટેલ

(૧) સુલાંમીયાં એલ. સૈયદ : ધારીસણા (દહેગામ)
(૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) ધીરલ એ. શાહ : સે-૨૭, પ્લોટ નં. ૧૦૯૧
(૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' - સે-૭
(૬) આકાશ જી. પટેલ : સે-૨૩
(૭) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**દિલ્હી સરકારના કયા કાનૂન મંત્રીને અરવિંદ કેજરીવાલે પદ પરથી હટાવ્યા?**

**'ગાંધીનગર સમાચાર' - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ક (૪) અ (૫) ડ (૬) ક (૭) ડ (૮) અ (૯) ક (૧૦) બ (૧૧) અ
(૧૨) બ (૧૩) ડ (૧૪) અ (૧૫) ક

# લેબોરેટરીમાં ગ્રેડેશન હોવું જોઈએ



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

અત્યાર સુધી આપણે મેડીકલ ફીલ્ડમાં આયુર્વેદીક વનસ્પતિઓનો સિંહ ફાળો છે અને રહેશે એ વિશે દરેકે ઘરમાં ચરકસહિતા વસાવવી જોઈએ. દરેક લૅબોરેટરીમાં ટેસ્ટ કરવા અત્યંત જરુરી છે. કઈ લેબોરેટરી સારી અને કઈ ખરાબ ?? કયાં બ્લડ આપવું જોઈએ અને કયાં ન આપવું જોઈએ. **NABL, CAP** અથવા **ISO** સર્ટીફીકેશન વાળી લેબોરેટરી સારી જ ??? એ તમારે નક્કી કરવાનું.

લેબોરેટરીમાં ગ્રેડેશન હોવું જોઈએ. **A, B, C, D....**એ ગ્રેડેશન લેબોરેટરીમાં - આધુનિક મશીનરી (ઑટોમેટીક મશીન), બારકોડ સિસ્ટમ, ટેકનિક સ્ટાફ, માઈક્રો બાયોલોજી અને પેથોલોજીસ્ટ અનુભવી છે? તેના પર નક્કી કરવું જોઈએ. નક્કી કોણ કરશે???

ગર્વમેન્ટ કરે કે ન કરે પણ ડૉકટર અને દર્દી તો કરી જ શખે. ડૉકટરોએ પણ ભુલવું ન જોઈએ કે તેમની પ્રૅક્ટિસ અને પૅશન્ટો એ ડૉકટરમાં રાખેલો વિશ્વાસ એ બ્લડ રિપોર્ટ પર આધારિત છે. અત્યારે મીડિયા અને પેશન્ટ કકળાટ કરતા સંભળાય છે કે ડૉકટરો વધારે ટેસ્ટ લખે છે અને વધારે પૈસા લેબોરેટરીમાં થાય છે. એમાં બે વાત છે જો ડૉકટર દર્દીના ઘણા બધા રોગોમાંનો એક રોગ વિચારી શકતો હોય, જેને સાબિત કરવા માટે ઘણાં ટેસ્ટ લખવા પડે છે. જે દર્દીના હિતમાં છે અથવા તો વધારે ટેસ્ટ લખી, લેબોરેટરી સાથે સાંઠગાંઠ કરી દર્દીનું અહિત કરે છે, એ પાપ કહેવાય...?

પુરુષોત્તમભાઈ પરમાર લેબોરેટરીમાં જઈ આવ્યા એમના હાથ ઉપર કાળુ જામુ થઈ ગયું અને સોજો પણ આવ્યો. અને નવાઈની વાત એ છે કે બંને હાથે આવું થયું.

લેબોરેટરી વાળાની ભૂલ કે પુરુષોત્તમ ભાઈના હાથનો વાંક???

સવાલ એ થાય છે કે ફલેટબોટોમી એટલે કે શરીરમાંથી લોહી લેવાની પદ્ધતિ જેમાં સિરીન્જથી બ્લડ લેવામાં આવે છે જેમાં ૨૨ નંબર થી ૨૪ નંબરની નીડલ વાપરવામાં આવે છે. પહેલા ટેસ્ટ કરાવનાર વ્યક્તિને ટુર્નીક્ટ બેલ્ટ બાંધીને (દબાણ વાળો પટ્ટો બાંધીને) હાથ પર સીરા (લોહીની નસ) ચકાસીને કઈ સીરામાંથી લોહી લેવું એ નક્કી કરવામાં આવે છે. નક્કી કર્યા બાદ જ તેની પર ડીસઈન્ફેકટન્ટ (આલ્કોહોલ, સ્પીરીટ કે ડેટોલ) લગાવવામાં આવે છે. જેના સુકાયા બાદ જ સોયથી ટેસ્ટ પ્રમાણે લોહી ખેંચવામાં આવે છે.

હવે વાત પુરુષોત્તમભાઈની આવા કાળા જામા પડવાનું કારણ શું??

શું લોહી લેવાવાળાને લોહી લેતા નહોતું આવડતું ? એ નવો હતો ?

એની પાસે ફલૅબોટોમીસ્ટ તરીકેનું સર્ટીફીકેટ નહોતું ? ના, એ જૂનો હતો એની પાસે સર્ટીફીકેટ પણ હતું અને વર્ષોનો અનુભવ હતો.

આમાં પુરુષોત્તમભાઈ સોયના દર્દની માનસિક રીતે ગભરાતા હતા તેથી જેવી સોય ટચ થી કે પુરુષોત્તમભાઈનો હાથ ગભરાહટમાં હલી ગયો અને સોય જરૂરિયાત કરતા વધારે અંદર ગઈ અને લોહી નસમાંથી અંદર જ ફેલાયું જે ચામડીના નીચેના ભાગમાં ફેલાયું અને જામી ગયું. આમા ચિંતાનું કોઈ કારણ નથી. ભયજનક વાત નથી થોડા દિવસ કાળું જામું રહેશે અને પછી મેળેજ શરીરમાં શોષાઈ જશે.

સિરીન્જથી બ્લડ ખેંચવું અને બીજી પદ્ધતિ છે - વેક્યુટેનર વડે લોહી લેવું. વેક્યુનેટરમાં જરુરી ટ્યુબમાં ચોક્કસ પ્રમાણમાં લોહી લેવાય છે. જે ઓટોમેટીક (વેક્યુમ સિસ્ટમના લીધે) ભરાઈ જાય છે.

જેમા અલગ અલગ ટેસ્ટ માટે જુદા-જુદા કલરની કૅપ (ઢાંકણ) હોય છે. સિરીન્જથી ખેંચીએ એમાં વેક્યુમ વગરની ટ્યુબ હોય છે.

જાંબલી કૅપ - **CBC, ESR, HBAIC.** વગેરે ટેસ્ટ માટે.

ગ્રીન કેપ - ઘણી ઓછી લેબોરેટરી વાપરે છે કારણ કે મોંઘી છે. જેમાં બધી જ બાયોકેમેસ્ટ્રી (ડાયાબિટીસ, કીડની, લીવર, ઈલેક્ટ્રોલાઈટ... ઈગ્યુનોલોજી, હોરમોનના ટેસ્ટ, થાઈરોઈડ કેન્સર માર્કર, હાર્ટ એટેક માટે ટેસ્ટ... ) બધુ જ થાય છે.

લાલ કેપ - સીરમ છૂટું પાડવા માટે અને સીરમમાંથી થતા ટેસ્ટ માટે. જેમાં સમય વધારે લાગે છે.

ગ્રે કેપ - ડે ડાયાબિટીસના ટેસ્ટ માટે જ વપરાય છે. જેમાં બ્લડ લેવાથી બ્લડમાં રહેલું સુગર લેવલ થોડા કલાકો સુધી ટેસ્ટ થાય નહીં ત્યાં સુધી જોઈન્ટેન રહે છે.

આસમાની કેપ - **PT** માટે વપરાય છે.

પીળી કેપ - જેલ હોય છે અને સામાન્ય રીતે બ્લડ ગેસ ટેસ્ટ કરવા માટે વપરાતી હોય છે અથવા બ્લડ બીજે મોકલવા માટે ટ્રાન્સફર મીડીયા તરીકે વપરાય છે.

અમે તો લખ્યા જ કરશું... તમારે જોઈતી મહિતી અને અમારા લખાણ પણ સૂચનો મોકલતા રહો...